# મોડાસામાં વિશાળ કેન્ડલ માર્ચ

## હાથરસ કાંડના આરોપીઓને ફાંસીના માંચડે લટકવો અને પીડીત પરિવારને ન્યાય આપોની માંગ

મોડાસા, તા. ૪

મોડાસા શહેરના ચાર રસ્તા પર મોટી સંખ્યામાં અનુ.જાતી સમાજના અગ્રણીઓ, યુવાનો, મહિલાઓ અને મોડાસાના



ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, પ્રદેશમંત્રી જયદત્તસિંહ પુવાર, અરવલ્લી કોંગ્રેસ પ્રમુખ અને અગમ ફાઉન્ડેશનની મહિલા સદસ્યો એકઠા થયા હતા. અને સૌએ સૂત્રોચ્ચાર કરી ઉત્તરપ્રદેશ સરકાર વિરુદ્ધ પોતાનો રોષ ઠાલવ્યો હતો અને દલિત સમાજની આ દીકરીને ન્યાય મળે અને આરોપીઓને કડક સજા થાય તે માટે માંગણી કરી હતી. ઉપરાંત સૌએ ભેગા મળી કેન્ડલ માર્ચ કરી અને મૃતકને શ્રદ્ધાંજલિ પણ પાઠવી હતી. ગેંગરેપના આરોપીઓને નિર્ભયા કેસ જેવી ફાંસીની સજા થાય તેવી સર્વેએ માંગણી કરી હતી.

હાથરસ જિલ્લાના એક ગામમાં ૧૪ સપ્ટેમ્બરએ રોજ સવારે ૧૯ વર્ષીય યુવતી ગાય માટે ઘાસચારો લેવા બાજરાના ખેતરમાં ગઈ હતી ત્યારે નરાધમોએ તેની ઉપર ગેંગ રેપ કર્યો હતો અને યુવતી પર જીવલેણ હુમલો કરતા યુવતી ૧૫ દિવસ જેટલો સમય મોત સામે ઝઝુમ્યા બાદ દિલ્હીની સફદરજંગ હોસ્પિટલ ખાતે મોત સામેનો જંગ હારી ગઈ હતી. નિર્ભયા ગેંગરેપની જઘન્ય યાદોને તાજી કરતી ઘટનાના પડઘા સમગ્ર દેશમાં પડી રહ્યા છે ત્યારે મોડાસા ચાર રસ્તા પર મોટી સંખ્યામાં લોકોએ એકઠા થઈ કેન્ડલ માર્ચ યોજી શ્રદ્ધાંજલી અર્પી હતી. ભાજપ સરકાર અને યોગી વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી આ જઘન્ય ગુન્હામાં સંકળાયેલ આરોપીઓન ઝડપથી ફાંસીની સજા કરવામાં આવેની માંગ કરી હતી.

# મોડાસા શહેરમાં વધુ બે તબીબો કોરોનાગ્રસ્ત

## શામળાજીના ડોક્ટર કોરોના સામે જંગ હાર્યા, અરવલ્લીમાં વધુ ૬ લોકો કોરોના પોઝેટીવ

મોડાસા, તા. ૪

જીવના જોખમે ફરજ બજાવતા કોરોના વોરિયર્સ સતત કોરોનાગ્રસ્ત બની રહ્યા છે. આઈએમએના પ્રમુખ ડો. રાજન શર્માના જણાવ્યા અનુસાર દેશમાં કોવિડ-૧૯ દર્દીઓને સારવાર આપી ચૂકેલા ૫૧૫ જેટલા તબીબ મૃત્યુનો ભોગ બન્યા છે. આઈએમએની લગભગ ૧૭૪૬ શાખા દેશભરમાં કાર્યરત છે. તે શાખાઓની મદદથી મૃતક તબીબોની ઓળખ કરવામાં આવેલી છે અને તે તમામ એલોપેથિક તબીબ હતા. આઈએમએ પાસે ઉપલબ્ધ ડેટાબેઝ મુજબ મૃતક તબીબ અને દર્દીની સરેરાશ ૧:૧૯૪ બરોબર છે. આઈએમએના જણાવ્યા મુજબ મૃત્યુનો ભોગ બનેલા ૨૦૧ તબીબ ૬૦ થી ૭૦ વર્ષના હતા, ૧૭૧ તબીબ ૫૦થી ૬૦ વર્ષની વયના હતા. ૭૦ થી મોટી વયના ૬૬ તબીબ તો ૩૫ થી ૫૦ વર્ષની વય ધરાવતા ૫૯ તબીબનાં મૃત્યુ નોંધાયાં છે. દેશમાં ૩૫થી નીચેની વયના માત્ર ૧૮ દર્દીનાં મૃત્યુ નોંધાયાં છે આરોગ્ય નગરી તરીકે જાણીતા મોડાસા શહેરમાં ત્રણ ડોક્ટર કોરોનામાં સપડાયા છે જયારે શામળાજીના ખાનગી હોસ્પિટલના તબીબને કોરોના ભરખી જતા લોકોમાં ફફડાટ ફેલાયો છે.

અરવલ્લી જીલ્લામાં કોરોનાનો કહેર સતત વધી રહ્યો છે વહીવટી અને આરોગ્યતંત્રના સબસલામતીના દાવાઓ વચ્ચે કોરોનાના અજગરી ભરડામાં અનેક લોકો સપડાઈ રહ્યા છે. લોકડાઉન-૧, ૨ માં જીલ્લા વહીવટીતંત્ર દ્વારા સરહદો ઉપર કડક ચોકી પહેરો, થર્મલ સ્કેનીંગ, બહારથી આવતા મુસાફરોના આરોગ્યની ચકાસણી ચોક્કસાઈભરી રીતે હાથ ધરાતી હતી અને જિલ્લામાં આઈશોલેશન વોર્ડ, ફેસીલીટી સેન્ટરો પૂરતા પ્રમાણમાં ઉભા કરી દેવાયા હતા. પરપ્રાંતીય શ્રમિકો માટે પણ આશ્રયસ્થાનો ઉભા કરી દેવાયા હતા. પરંતુ હવે જેમ જેમ કોરોનાનું સંક્રમણ વધી રહયું છે. કોરોનાગ્રસ્ત દર્દીઓ મોતને ભેટી રહયા છે તેમ તેમ રાજયનું વહીવટી અને આરોગ્યતંત્ર જવાબદારીમાંથી હાથ ખંખેરી રહયું હોય એવા આક્ષેપો ચારે બાજુએ ઉઠી રહ્યા છે.

મોડાસા નગરમાં વધુ બે તબીબો કોરોનામાં સપડાયા હોવાના અહેવાલ પ્રાપ્ત થયા હતા. જયારે આ તબીબોનો સ્ટાફ હોમ કર્વારન્ટાઈન થયો હોવાનું લાગતા વળગતા દ્વારા જણાવાયું હતું. નગરની કાર્તિકેય સોસાયટીમાં એક વેપારી સહિત મેઘરજ રોડ ઉપર લવાસા ફ્લેટ, જલારામ સોસાયટી સહિત ભિલોડા, માલપુર અને ધનસુરામાં મળી કુલ છ પોઝીટીવ કેસ નોંધાયા હતા. અનલોક-૫ ના પ્રથમ ૩ દિવસમાં જિલ્લામાં ૧૨ અને છેલ્લા એક અઠવાડીયામાં જિલ્લામાં ૨૬ પોજીટીવ કેસ મળી આવ્યા છે.

# બહારના પ્રવાસીઓ માટે શનિ-રવિએ પોળોની મુલાકાત પર પ્રતિબંધ

## કોરોનાના સંક્રમણને લઈને જિલ્લા કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યુ

હિંમતનગર, તા. ૪

ગુજરાતના મીની કાશ્મીર તરીકે ઓળખાતા પોળોના જંગલો અત્યારે સોળે કળાએ ખીલી ઉઠ્યા છે. ત્યારે કુદરતી સૌંદર્યને માણવા માટે ગુજરાતભરમાંથી પ્રવાસીઓ વધુ ધસારો કરી રહ્યા છે. પરંતુ સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના વધતા કેસોને ધ્યાનમાં રાખીને ઓકટોબર મહિનાના ત્રણ શનિવાર અને ત્રણ રવિવારના દિવસે બહારના પ્રવાસીઓ મુલાકાતે આવી શકશે નહિ. જે અંગે શુક્રવારે જિલ્લા કલેક્ટરે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જોકે સ્થાનિક લોકોને તેમાંથી મુક્તિ અપાઈ છે.

સાબરકાંઠા કલેક્ટર સી.જે. પટેલે શુક્રવારે જાહેર કરેલા પ્રસિદ્ધ નામામાં જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કોરોના પોઝીટીવ કેસની સંખ્યા લગભગ ૯૪૯ થઈ ગઈ છે અને રોજબરોજ કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે. દરમિયાન ચોમાસુ પૂર્ણ થઈ ગયુ છે. ત્યારે ગુજરાતભરમાંથી વિજયનગર તાલુકાના અભાપુરના જંગલો અને ઐતિહાસિક ધરોહર સમાન પોળોના જંગલો સોળેકળાએ ખીલી




ઉઠ્યા છે. જેને લઈને રોજબરોજ અનેક પ્રવાસીઓ પોળોની મુલાકાતે આવી રહ્યા છે. જેને લીધે અભાપુરના જંગલોમાં પર્યાવરણ પર ખતરો ઉભો થવાની શક્યતા વધી ગઈ છે.

એક અંદાજ મુજબ શનિવારે અને રવિવારે લગભગ ૨૦ હજારથી વધુ લોકો પોતાના વાહનો લઈને પોળોના જંગલોમાં આવી ચઢે છે. જેને લઈને અહી ટ્રાફીકની સમસ્યા પણ ઉદ્ભવે છે. જેથી વહિવટીતંત્ર દ્વારા થોડો સમય અગાઉ સંલગ્ન વિભાગના અધિકારીઓએ સ્થળ મુલાકાત લીધા બાદ કલેક્ટરના અધ્યક્ષસ્થાને મળેલી મીટીંગોમાં વિષદ ચર્ચા કરાઈ હતી. જોકે વહિવટીતંત્ર પોળોના જંગલોને પ્રવાસન ધામમાં સમાવવા માટે વધુ સગવડો ઉભી કરવા તત્પર છે. પરંતુ હાલના સંજોગોમાં કોરોનાને લઈને તંત્ર પણ વધુ જોખમ ઉઠાવવા તૈયાર નથી.

વિજયનગર અને આસપાસના વિસ્તારોમાં અલભ્ય ઔષધિઓની જતન કરવા માટે પણ જરૂરી હોવાનું સ્થાનિક ધારાસભ્ય તથા પ્રજા ઈચ્છી રહી છે. તો બીજી તરફ જિલા કલેક્ટરે ઓક્ટોમ્બર મહિનાના તા. ૧ થી ૧૮ વચ્ચે આવતા શનિવાર અને રવિવારે બહારના પ્રવાસીઓ માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. જોકે આ જાહેરનામુ સ્થાનિક લોકો માટે લાગુ પડશે નહી. તેમ છતા પ્રવાસીઓ માટે વિજયનગર તાલુકાના અભાપુરના ફોરેસ્ટ નાકાથી વણજ ડેમ અને વણજ ડેમથી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધી પ્રતિબંધિત વિસ્તારમાં સમાવેશ કરાયો છે. જે જાહેરનામુ તા. ૧૮ ઓક્ટોબર સુધી અમલી રહેશે.

જાહેરનામાનો ભંગ કરનાર લોકો વિરૂદ્ધ ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બનશે જેના માટે નાયબ પોલીસ અધિક્ષકથી પીએસઆઈ સુધીનો હોદ્દો ધરાવનાર અધિકારીઓ ભંગ કરનાર વિરૂદ્ધ ગુનો નોંધી શકશે. જોકે જિલ્લા કલેક્ટરે આ જાહેરનામાની જાણ તમામ તાલુકાના મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, વન વિભાગ તથા રેન્જ ઓફીસર ધોલવાણીને કરી દેવામાં આવી છે. જેથી દર શનિ-રવિએ પોળોની મુલાકાતે આવનાર પ્રવાસીઓને પણ તેમની રજા ગાળવા અન્ય સ્થળની પસંદગી કરવી પડશે.

# શિક્ષક ભરતી જાહેરાતનાં ૧૦૦૦ દિવસ, છતાં ભરતીનાં કોઈ ઠેકાણા નથી

## સમગ્ર ગુજરાતના TET-TAT બેરોજગારો દ્વારા આજે "પત્ર અભિયાન" દ્વારા રજૂઆત

ગુજરાત સરકાર માટે હંમેશા બે શબ્દો ખૂબ જ પ્રચલિત કરવામાં આવ્યા છે. " વિકાસ" અને "સંવેદનશીલતા" પરંતુ અફસોસ કે ગુજરાતના હજારો TET-TAT બેરોજગાર શિક્ષકો અને લાખો ગરીબ વિદ્યાર્થીઓ માટે આ બન્ને શબ્દો જરાય બંધબેસતા નથી. કારણ કે લગભગ ૧૦૦૦ દિવસ પહેલા છેક આપણા લોકલાડીલા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ દ્વારા "શિક્ષક ભરતી" ની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ હજુ સુધી એક પણ ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ નથી. આ તે કેવો વિકાસ ? અને છેલ્લા ૩/૪ વર્ષોથી શિક્ષક બેરોજગારો મોટી ભરતી માટે અનેક રજૂઆતો કરી, અનેક અભિયાનો કર્યાં, લાખો ગરીબ વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય બગડ્યું, બોર્ડના પરિણામ સાવ તળિયે પહોંચ્યા, તેમ છતાં સરકાર બેરોજગાર શિક્ષક ઉમેદવારો કે વિધાર્થીઓની વેદનાઓ કે વ્યથાઓ સાંભળતી નથી. આ તે કેવી સંવેદનશીલતા ?

ગુજરાતના TET-TAT બેરોજગાર ઉમેદવારો દ્વારા ટ્વીટર અભિયાન, ઈમેલ અભિયાન, ફેસબુક રજૂઆત, મેસેજ અભિયાન, વોટ્સએપ રજૂઆત, PMO પોર્ટલ, CMO પોર્ટલ..આવેદન.. નિવેદન.. ઉપવાસ અભિયાન, ટપાલ અભિયાન, મિડિયા બાઈટ, ૨૦ થી વધુ આંદોલન દ્વારા વર્ષોથી રજૂઆત કરવામાં આવે છે, તેમછતાં હજી તેમને ન્યાય મળ્યો નથી. હજારો વર્ગખંડમાં શિક્ષકો નથી, લાખો ગરીબ વિદ્યાર્થીઓનું ભવિષ્ય અંધકારમય છે, છતાં હજુ ભરતી થતી નથી. અલગ અલગ સમયે અલગ અલગ કારણો (બહાના) બતાવવામાં આવે છે.

જે પ્રદેશમાં શિક્ષકો કે શિક્ષણ સાથે જ અન્યાય થશે, તો એ પ્રદેશ કેવી રીતે પ્રગતિ કરશે? અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ માં અને શિક્ષણમંત્રીશ્રી દ્વારા ફરી ઓક્ટોબર- ૨૦૧૯ માં જાહેરાત છતાં ભરતી પ્રક્રિયા ત્યાં ની ત્યાં. જવાબદાર અગ્રણીશ્રી દ્વારા કરવામાં આવેલી જાહેરાત જો હજુ ૧૦૦૦ દિવસ છતાં પૂર્ણ ન થાય, તો હવે કોનો વિશ્ર્વાસ કરવો ?

છેલ્લે ઓક્ટોબર ૨૦૧૯ દ્વારા જે જાહેરાત કરવામાં આવી હતી, તે ય્ઈ ના કારણે અટકી પડી, જેના પરિણામે અસંખ્ય નવી ડિગ્રી વાળા ઉમેદવારોનો ઉમેરો થશે, અને વર્ષોથી રાહ જોતા ઉમેદવારોને વગર વાંકે અંતિમ તક ગુમાવી પડે એમ છે. તો માનનીય સરકારશ્રી ને આજના "TET-TAT ભરતી પત્ર અભિયાન" દ્વારા એ જ રજૂઆત કે જુના ઉમેદવારો સાથે અન્યાય ન થાય એ માટે કા ઓક્ટોબર-૨૦૧૯ સુધી ની જ શૈક્ષણિક ડિગ્રી માન્ય રાખવી અથવા ૩૧/૧૦/૨૦૨૦ સુધી જેટલા શિક્ષકો નિવૃત્ત થયા હોય એ જગ્યાઓ અને વર્ગ વધારાની જગ્યાઓ નો પણ વધારો કરી જુના ઉમેદવારોને ન્યાય આપો.

# ડીસાની ઈન્ડેન ગેસ એજન્સીના ગોડાઉનમાંથી ૧.૫૬ લાખના ૧૧૪ બાટલાની ચોરી

ડીસા, તા. ૪

ડીસા શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ ઈન્ડિયન ગેસ એજન્સીના ગોડાઉનનું તાળુ તોડી અજાણ્યા શખ્સો ૧૧૪ બાટલાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડીસા શહેરના તેરમીનાળા વિસ્તારમાં આવેલ બાવા ગેરેજ ખાતે રહેતા જયાબેન ભીખુભાઈ મકવાણા ડીસામાં ઈન્ડેન ગેસની એજન્સી ચલાવે છે અને તેમનું ગોડાઉન રેલવે સ્ટેશન પાછળ ઢુવા રોડ ઉપર આવેલુ છે. ત્યારે શુક્રવારે સાંજે સાતેક વાગે ધવલભાઈ પુનમચંદ ચૌહાણ ગોડાઉન બંધ કરી ઘરે ગયા હતા. જોકે શનિવારે તેઓ ગોડાઉન ઉપર આવતાં મુખ્ય ગેટ અને ગોડાઉનનું તાળુ તુટેલુ જણાયુ હતુ. આથી જયાબેન મકવાણાએ ગોડાઉમાં બાટલાની ઘટ જણાતા ૧૦૨૫ બાટલા પૈકી ૧૧૪ બાટલાની ઘટ જોવા મળી હતી.

આથી સંચાલક જયાબેન મકવાણાએ રૂપિયા ૧,૬૫,૩૦૦ની કિંમતના ૧૧૪ બાટલાની ચોરી થવા અંગે અજાણ્યા શખ્સો સામે ફરીયાદ નોંધાવી હતી. આથી ડીસા તાલુકા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ બકુજી જે. ચાવડા ચલાવી રહ્યા છે.

# પ્રાંતિજ ખાતે દલિત અધિકાર મંચ દ્વારા હાથરસ યુપીના બનાવના વિરોધમાં પ્રાંન્ત કચેરી ખાતે આવેદનપત્ર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે દલિત અધિકાર મંચ દ્વારા યુપીના હાથરસ ખાતે બનેલ બનાવના વિરૂધ્ધમાં પ્રાંતિજ પ્રાંન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યુ.

પ્રાંતિજ તાલુકા સેવાસદન કચેરીમાં તા. ત્રીજી ઓક્ટોબરના રોજ દલિત અધિકાર મંચ પ્રાંતિજ દ્વારા દલિત સમાજની દીકરી ઉપર ઉત્તર પ્રદેશના હાથરસમાં બનેલ નિંદનીય ઘટના બાબતે આજે દલિત અધિકાર મંચ પ્રાંતિજ દ્વારા પ્રાન્ત કચેરી ખાતે જઈને શિરેસદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. તાજેતરમાં ઉત્તર પ્રદેશના હાથરસ મુકામે મનીષા નામની દલિત સમાજની દીકરી ઉપર ગેંગરેપ કરીને શરીર ઉપર અસંખ્ય ફેક્ચર કરીને તેને પોલીસ દ્વારા થયેલ નિર્મય હત્યા ફકરાને સમગ્ર દેશના વાલ્મિકી અને દલિત સમાજના લોકોએ સખત શબ્દોમાં વખોડી કાઢીને તે અંગે વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે. ત્યારે પ્રાંતિજ તાલુકાના દલિત અધિકાર મંચ ન્યાય આપો ન્યાય આપો, ભારત કી બેટી કો ન્યાય



આપો જેવા નારાઓ સાથે પ્રાંન્ત કચેરી ખાતે આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું અને તેમની આ વાચાને સરકાર સુધી પહોંચાડવામાં અપીલ કરી હતી અને દલિત કન્યા સાથે બનેલ આ ઘટનાના ગુનેગારોને કડકમાં કડક સજા મળે તે માટે કાર્યવાહી કરવા અનુરોધ આવેદનપત્રમાં કરવામાં આવ્યો હતો. પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે દલિત સમાજ ભાઈઓ બહેનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં જેમાં નટુભાઈ બારોટ, ભીખાભાઈ વાણીયા, આર.કે. ચૌહાણ, નૂતનભાઈ, રેખાબેન સોલંકી, સમાજના આગેવાનો કાર્યકરો અને દલિત અધિકારમંચના કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કર્યા હતા.

# પ્રાંતિજ નગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધીની જન્મ જયંતીની ઉજવણી

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકા તંત્ર દ્વારા બીજી ઓક્ટોબર ગાંધીજીની જન્મ જયંતિની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.



દેશ અને દુનિયા જયારે મહાત્મા ગાંધીના જન્મ જયંતિની ઉજવણી કરી રહી છે ત્યારે સમગ્ર દેશમાં ગાંધીજયંતિ સપ્તાહ ઉજવાય રહ્યો છે ત્યારે પ્રાંતિજ નગરપાલિકાના સંકુલમાં પાલિકાના પદાધિકારીઓએ એકત્રિત થઈને મહાત્મા ગાંધીના ૧૫૧મા જન્મ દિવસ પ્રસંગે તેમની પ્રતિમાને ફુલહાર તેમજ સુતરની આંટીઓ પહેરાવીને નારા બોલાયા હતા. આ તબક્કે નગરપાલિકાના પ્રમુખ દિપકભાઈ કડીયા, ઉપપ્રમુખજગદીશભાઈ કિમતાણી, પૂર્વ પ્રમુખ ગીતાબેન પટેલ, પાલિકાના કોર્પોરેટરો વિવિધ સમિતિના ચેરમેન તેમજ નગરપાલિકાના કર્મચારી ગણના સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શહેર મંડલ પ્રમુખ નિત્યાનંદભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધી બાપુ અમર રહો અને વંદે માતરમ્‌ના જયઘોષથી વાતાવરણ રંગીન બની ગયું હતું રાષ્ટપિતા મહાત્મા ગાંધીની પ્રતિમાને ઉપસ્થિત તમામ લોકોએ નત મસ્તક વંદન કર્યા હતા. મહાત્મા ગાંધીની જન્મ જયંતિથી દેશભરમાં સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ થઈ રહ્યો છે. પ્રાંતિજ નગરપાલિકા દ્વારા પણ દરેક વોર્ડ અને વિસ્તારોમાં આગામી સપ્તાહમા સ્વચ્છતા અભિયાન દ્વારા નગરને સ્વચ્છ અને સ્વસ્થ બનાવવાનો પ્રયત્નો હાથ ધરવામાં આવશે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ દેશના નાગરિકોને સ્વચ્છ ભારત અભિયાનમાં જોડાઈ જવા અપીલ કરી છે ત્યારે પ્રાંતિજ નગરના નગરવાસીઓ પણ તેમા સહભાગી બનશે તેવી પાલિકા પ્રમુખ દિપકભાઈ કડીયાએ અપેક્ષા રાખી હતી.

# પ્રાંતિજના લીમલા ડેમમાં ૨૪ ફૂટ પાણી ભરાયુ

પ્રાંતિજ, તા. ૪


સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના લીમલા ડેમમાં આ વર્ષે સારા વરસાદને લઈને પાણી ભરાતા પૂર્વ ધારાસભ્ય તથા જિલ્લા સદસ્ય દ્વારા મુલાકાત લીધી હતી. પ્રાંતિજના લીમલા અને કરોલ ડેમ હવે ૨૪ ફૂટની સપાટીએ પહોંચ્યો છે. કરોલ ડેમ ૨૪ ફૂટે પહોંચ્યો છે. પરંતુ ઘણા વરસે આ બન્ને ડેમ કોરાધાકોર રહેવાથી પાણી સોસાઈ જાય છે. આ બન્ને ડેમ ૨૦૯૭માં વરસાદથી ભરાયા હતા. ત્યારબાદ ૨૦ વર્ષ સુધી આ ડેમમાં પાણી ભરાયા ન હતા. દરમ્યાન ૨૦૧૫-૧૬માં લોકમાંગણીને લઈને ૪૦ ગામથી વધુ લોકોએ પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાએ તંત્ર દ્વારાસુજલામ સુફલામ નહેર દ્વારા પાણી ભરવાની માંગ કરી હતી.

જે લોકમાંગણીને સ્વિકારી પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા દ્વારા વિધાનસભામાં અનેકવાર રજુઆતો કર્યા બાદ તોડી નાખેલુ સાયફર જે પૂર્વ ધારાસભ્યએ સરકારમાંથી ૭ કરોડ મંજૂર કરાવી નવેસરથી સાયફર બનાવ્યુ જેથી હાલ બન્ને ડેમોમાં પાણી આવે છે.

# પ્રાંતિજ ખાતે તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ચાર મુદ્દાઓને લઈને આજે પ્રાંતિજ મામલતદાર એચપી ભગોરાને આવેદનપત્ર આપવામાં



આવ્યુ હતું.

પ્રાંતિજ ખાતે તાલુકા-શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા આજે તાલુકા પંચાયતથી તાલુકા સેવાસદન ખાતે રેલી યોજીને સુત્રોચ્ચારો દ્વારા વિવિધ માંગણી સાથે પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપ્યું હતું જેમાં ચાલું વર્ષે સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં વધુ વરસાદ પડયો છે અને પ્રાંતિજ તાલુકાના ખેડૂતોની ખેતીમાં ભયંકર નુકસાન થયેલ છે તેમ છતાં રાજય સરકાર દ્વારા ચાલુ વર્ષે પાક નિષ્ફળ પેકેજ જાહેર કરવામાં આવેલ છે તેમાં પ્રાંતિજ તાલુકાનો સમાવેશ ન કરી પ્રાંતિજ તાલુકાના ખેડૂતોને ભારે અન્યાય કરેલ હોઈ તાત્કાલિક પ્રાંતિજ તાલુકાનો સમાવેશ પાક નિષ્ફળ પેકેજમાં માંગ કરી, કેન્દ્ર સરકાર દ્વારા સંસદમાં ખેડૂતો વિરોધી બીલો પાસ કર્યા છે જે બીલોમાં ખેડૂતોને એમ.એસ.પી. (મિનિમમ સપોર્ટ પ્રાઈસ) મુજબ ભાવ આપવાની કોઈ જોગવાઈ કરેલ નથી જેને કારણે ખેડૂતોને કંપનીઓ તેમજ વેપારીઓ સાથે પાક વેચતી વખતે લૂંટાવુ પડશે જેથી આ કાળો ખેડૂતોના હિતમાં પરત લેવો માંગ કરી, ગત વર્ષના વધુ વરસાદીથી ખેડૂતોને થયેલ પાક નુકસાનના વળતર પૈસા અને પાક વીમાના પૈસા પણ હજુ સુધી ખેડૂતોને ચૂકવાયા નથી તે પણ તાત્કાલિક ચૂકવાય તેવી આવેદનપત્રમાં રજુઆત કરી તો ઉત્તરપ્રદેશના હાથરસમાં એક દિકરી ઉપર બળાત્કાર કરી તેનું મૃત્યુ નિપજવાની દુખદ ઘટના બની છે.

આ ઘટનાના આરોપીઓને તાત્કાલિક ફાંસીની સજા થાય તેવી માગણી સાથે આવેદનપત્ર આપ્યું હતું અને યુપીના હાથરસમાં બનેલ ઘટનાની નિંદા કરી, પ્રાંતિજ-તલોદના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, જિલ્લા પ્રમુખ મણીભાઈ પટેલ, કોંગ્રેસ તાલુકા પ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ, જિલ્લા સદસ્ય રામસિંહ, સુરેશભાઈ, તાલુકા પંચાયતના પ્રમુખ બહેચરસિંહ રાઠોડ, રેખાબેન સોલંકી, જિલ્લા સદસ્ય મિલ્કતસિંહ, નૂતનભાઈ સહિત કોગ્રેસ કાર્યકરો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ખેડબ્રહ્મામાં જાહેરમાં પીપીઈ કીટ તેમજ મેડીકલ વેસ્ટ મળી આવ્યા

ખેડબ્રહ્મા, તા. ૪

ખેડબ્રહ્મા શહેરમાં લક્ષ્મીપુરા ચાર રસ્તા પાસે જીપનો પોઈન્ટ આવેલ છે જેની પાછળ પ્લોટમાં નગરપાલિકા દ્વારા કચરાપેટી મુકવામાં આવી છે. આ કચરાપેટીમાં શનિવારના રોજ કોઈ પીપીઈ કીટ નાખી ગયુ હતુ અને આ કચરા પેટીમાં વપરાયેલી સિરીંઝ અને નિડલનો ખડકલો જોવા મળ્યો હતો. બપોરે કચરો વિણનારે પીપીઈ કીટ બહાર ફેંકી દીધી હતી જેથી ત્યાં બેસતા જીપચાલકો દ્વારા પ્રાંત ઓફીસ, નગરપાલિકા, પોલીસ અને આરોગ્ય વિભાગને જાણ કરી હતી. પણ રવિવાર સુધી કોઈ પણ અધિકારી દ્વારા આ પીપીઈ કીટનો




નિકાલ કરવામાં આવ્યો ન હતો.

આ જીપ પોઈન્ટ ઉપર ૬૫ જેટલા જીપચાલકો બેસે છે. જીપચાલક મયંક વૈષ્ણવના જણાવ્યા અનુસાર આ કચરાપેટીમાં નિયમિત રીતે દવાખાનાવાળા સિરીંઝ અને નિડલ સાથે દવાઓની સ્ટીપ ફેંકી જાય છે પણ હવે આવા કપરા સમયમાં આ પીપીઈ કીટ પણ ફેંકી અમારા ૬૫ ડ્રાઈવરને જોખમ છે.

ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય અધિકારી આર.ડી. ગૌસ્વામીએ જણાવ્યુ હતુ કે આ મેડિકલ વેસ્ટની જાણ થઈ છે તેનો કોવિડ-૧૯ના નિયમો મુજબ નિકાલ કરવામાં આવશે અને શહેરના તમામ મેડિકલ પ્રેક્ટિશરને નોટિસ આપી ખુલાસો માંગવામાં આવશે અને દોસી સામે કાર્યવાહી કરવામાં આવશે.